# ખેતરમાં તબેલા પર જવું છે તેમ કહી બાઈક લઈ શખ્સ ફરાર

ગાંધીનગર, તા.૨૭

ખેતરમાં તબેલા પર જવું છે સવારે બાઈક પરત આપી જઈશ તેમ કહીને બાઈક લઈને ગયેલો શખ્સ પરત ન ફરતા લુહારીકામ કરતા વ્યકિતએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે બાઈક લઈને રફુચક્કર થયેલા વ્યકિતને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. મળતી વિગત મુજબ અડાલજ પોર માર્ગ પર અલખ આશ્રમની બાજુમાં અંબિકા આર્યન વર્કસની દુકાન ધરાવતા રાજેશ નવઘણભાઈ લુહાર (ઉં.૪૨) લુહારીકામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે ફરીયાદી પાસે ડ્રીમ નીયો બાઈક નં.જી.જે.૧૮.સી.જે.-૪૫૧૫ હતું. ગત તા.૨૨ ના રોજ રાત્રીના સાડા દશ વાગ્યાના અરસામાં વિશાલ પ્રમોદભાઈ પટેલના તબેલામાં કામ કરતા દશરથભાઈ પરમાભાઈ નાડોદા (પટેલ, રહે, મુબારકપુરા તા. સમી જિ પાટણ) ઘરે આવ્યા હતા. ત્યારબાદ રાજેશભાઈને જણાવ્યું કે મારે ખેતરમાં તબેલા પર જવુ છે અને સવારે તેમને પરત કરી દીઈશ તેમ કહીને બાઈક લઈ ગયા હતા. તેથી દશરથભાઈને રાજેશભાઈને બાઈક આપ્યું હતું. બીજા દિવસે બાઈક પરત ન આવતા રાજેશભાઈ વિશાલભાઈના તબેલા પર બાઈક લેવા માટે દશરથભાઈ પાસે ગયા હતા. પરંતુ બાઈક કે દશરથભાઈ તબેલા પર હાજર ન હતા.ત્યારબાદ મજુરોએ દશરથભાઈ અંગે પુછતા તેઓએ જણાવ્યું કે તેઓ રાતના તબેલા પર આવ્યા નથી. જેથી રાજેશભાઈએ પોતાની રીતે આજદિન સુધી તપાસ કરી હતી પરંતુ દશરથભાઈનો ક્યાંય પત્તો ના લાગતા તેઓએ અડાલજ પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે બાઈક લઈ જનાર શખ્સને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# અડાલજ નર્મદા કેનાલમાંથી રાણીપના યુવકનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર,તા.૨૭

ગાંધીનગર અડાલજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આંતરે દિવસે મૃતદેહ મળી આવે છે. જિલ્લાની નર્મદા કેનાલો આપઘાત કરવા માટેની ફેવરીટ જગ્યાઓ બની ગઈ હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે અડાલજ કેનાલમાંથી રાણીપના યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. યુવાને કોઈ કારણોસર કેનાલમાં કુદીને આપઘાત કરી લેતા પરિવાર પર આભ તુટી પડ્યુ હતું.જયારે બનાવ અંગે અડાલજ પોલીસ મથકે અકસ્માતે મોતની ફરીયાદ નોધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અડાલજ નર્મદા કેનાલમાં કોઈ અજાણ્યા યુવકનો મૃતદેહ તરતો હોવાનું જાણવા મળતા અડાલજ પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. ત્યારબાદ ફાયર બ્રિગેડને જાણ કરાતા ફાયર જવાનો ટીમ સાથે પહોંચી ગયા હતા. મૃતદેહ તરતો હોવાની જાણ થતા આસપાસના ગ્રામ્ય વિસ્તારના નાગરીકો પણ મોટીસંખ્યામાં એકત્ર થયા હતા.જયારે ફાયર ટીમના સભ્યોએ કેનાલમાં ભારે જહેમત ઉઠાવી મૃતદેહને બહાર નીકાળ્યો હતો. મૃતક યુવના ખીસ્સામાંથી આધારકાર્ડ મળી આવ્યું હતું. જેથી યુવકનુ નામ કૃણાલ વિક્રમભાઈ દંતાણી (ઉં.૨૪ રહે.પ્રયાગ એપાર્ટમેન્ટ બ્લોક નં.૧ મકાન નં.૩૧૨ બલોલ નગર રાણીપ અમદાવાદ) હોવાનું ધ્યાને આવ્યું હતું. પોલીસે યુવકના પરિવારજનોને જાણ કરતા તેઓ પણ કેનાલ ખાતે દોડી આવ્યા હતા. યુવક ડ્રાઈવર તરીકે છુટક વર્ધી મારતો હતો.

ગતરોજ સાંજના સમયે યુવક ઘરે જઈને જમીને સુઈ ગયો હતો. ત્યારબાદ મોડીસાંજે ઘરેથી બહાર નીકળતી વખતે મોબાઈલ ફોન પણ ઘરે મુકી દીધો હતો. મોડીરાત થઈ ગઈ હોવા છતા પરિવાર યુવકનો સંપર્ક કરી શક્યા ન હતા.પરિવારના સભ્યો મિત્ર વર્તુળમાં શોધવા માટે નીકળ્યા હતા. પરંતુ તે દરમિયાન કૃણાલનો મૃતદેહ મળી આવ્યો હતો.યુવકના મૃત્યુ અંગે કોઈ ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી પીએમ કરાવી મૃતદેહને પરિવારના સભ્યોને સોંપીને આગળની તપાસ હાથ ધરી છે.



ગાંધીનગર જિલ્લાના પેથાપુર પોલીસ મથકના તાબામાં આવતી ઉનાવા આઉટ પોસ્ટ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉનાવાના સરપંચ, પંચાયતના સભ્યો, વાસણ ગામના સરપંચ, પોલીસ સ્ટાફ, ગૃહ રક્ષક દળના સભ્યો સહિત અગ્રણીઓએ ખાસ ઉપસ્થિત રહીને વૃક્ષારોપણ કર્યું હતું.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેરમાં હવે ટ્રી ગાર્ડની પણ ચોરી થવાની ઘટનાઓ સામે આવી રહી છે.
- મનપાના નવનિયુક્ત કમિશનર ડૉ. ધવલ પટેલ આજે મનપાના શાખાધિકારીઓ સાથે બેઠક કરશે.
- ગાંધીનગર-અમદાવાદ વચ્ચે ઈલેક્ટ્રીક બસો દોડાવવાની વાતો છેલ્લા ત્રણેક વર્ષથી ફાઈલોમાં અટવાઈ જતાં હવે આ પ્રોજેક્ટ પણ અભેરાઈએ ચડશે તેવી વાતો શરૂ થઈ છે.
- તાઉ-તે વાવાઝોડાને કારણે કૃષિક્ષેત્રે થયેલ નુકશાન પેટે રૂ. ૩૩૫ કરોડ જેટલી સહાય ચુકવી દેવામાં આવી હોવાનું કૃષિ વિભાગના સૂત્રોએ જણાવ્યુ છે.
- માહિતી ખાતાની વિવિધ ભરતી માટેની આજે યોજાયેલ પરીક્ષામાં વર્ગ-૩ની ભરતી માટેનું પ્રશ્નપત્ર અઘરૂ હોવાની વાતો પરીક્ષાર્થીઓ કરતા નજરે પડ્યા હતા.
- પંચાયતોમાં ૧૯ જેટલા સંવર્ગમાં ભરતીની પ્રક્રિયા ઝડપથી હાથ ધરવાની વિચારણા હાથ ધરવામાં આવી હોવાનું સચિવાલયના સૂત્રોએ જણાવ્યુ છે.
- ગાંધીનગર શહેરમાં કોરોનાના સૌથી વધુ કેસ ૫૯૦ જેટલા સે. ૨ માં નોંધાયા છે. સે. ૨૨ માં ૩૩૨ થી વધુ કેસ નોંધાયા છે.
- અખિલ હિંદ શ્રીમાળી સોની મહામંડળ દ્વારા કોરોનાની મહામારીમાં જે દિવંગત આત્માઓ છે તેમને શ્રદ્ધાંજલિ આપવા આજે સાંજે ૫ થી ૭ વર્ચ્યુઅલ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# શિક્ષણ સામાજિક સેવા અને બાળકોનો બંધારણીય અધિકાર : જાગૃત નાગરિક પરિષદ

ગાંધીનગર, તા.૨૭

દેશભરમાં પ્રગતિશીલ અને સમૃદ્ધ ગણાતા ગુજરાત રાજ્યમાં ગરીબ બાળકોના શિક્ષણના બંધારણીય અધિકારો છીનવવામાં આવી રહ્યા છે. વિદ્યાર્થીઓની ઓછી સંખ્યાના બહાના આપીને , કરકસર માટે, ગુજરાતમાં સરકાર દ્વારા પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી રહી છે . અત્યાર સુધીમાં સેંકડો પ્રાથમિક શાળાઓ બંધ કરવામાં આવી છે અને વધુ શાળાઓ બંધ કરવાનું આયોજન થઈ રહ્યું હોવાના અહેવાલો છે.

ગાંધીનગરના પ્રબુદ્ધ નગરજનોની સંસ્થા ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદ તેમજ તેની સહયોગી પ્રમુખ સેવા સંસ્થાઓએ જાહેર અપીલ કરીને ગુજરાત સરકારને રૂકજાવનો સંદેશો આપ્યો છે. એક અહેવાલ મુજબ, ધોરણ ૧ થી ૫ માં ૬૦ કરતાં ઓછાં વિદ્યાર્થીઓ હોય તેમજ ધોરણ-૬થી ૮માં ૪૫ કરતાં ઓછાં વિદ્યાર્થીઓ હોય તેવી શાળાઓની યાદી તૈયાર કરીને તેને નજીકની શાળામાં મર્જ કરવાની બાબત સરકારની વિચારણામાં હોવાના અહેવાલો મળ્યા છે. ભૂતકાળમાં પણ સરકારે આ પ્રમાણે કર્યું છે અને સેંકડો પ્રાથમિક શાળાઓને બંધ કરવામાં આવી છે. ગુજરાતની આવતીકાલને અંધકારમય બનાવનારા આ નિર્ણય અંગે પુનઃ વિચારણા કરવા અને ભવિષ્યમાં પ્રાથમિક શાળાઓ બંધ ન કરવા ગાંધીનગરની સ્વૈચ્છિક સેવા સંસ્થાઓના સેંકડો પ્રબુદ્ધ નાગરિકોએ સરકારને વિનંતી કરી છે. રાજ્યમાં મોટી સંખ્યામાં પ્રાથમિક ખાનગી પ્રાથમિક શાળાઓ શરૂ થઈ રહી છે ત્યારે સરકારી પ્રાથમિક શાળામાં બાળકોની ઓછી સંખ્યાનો પ્રશ્ન ઊભો થાય તે આશ્ચર્યજનક બાબત છે. ગરીબ બાળકોને 'ઘર આંગણે શિક્ષણ' મળી રહે તે આદર્શ સાથે ભૂતકાળમાં ખોલાયેલી શાળાઓ કોઈપણ કારણસર બંધ કરવાથી શિક્ષણનું પ્રમાણ સતત ઘટતું જશે. ગરીબ બાળકોના વાલી બાળકને દૂરની શાળામાં ભણવા મોકલશે નહીં. ભૂતપૂર્વ પ્રગતિશીલ ગાયકવાડ રાજ્યમાં નબળા વર્ગોને શિક્ષણનો લાભ મળે તે માટે પાંચ કે છ વિદ્યાર્થી હોય તો પણ વર્ગ ચલાવતા અને ૧૦ થી ૧૫ વિદ્યાર્થીઓ હોય તો પણ શાળા ચલાવતા હતા. શિક્ષણ પાછળ થતો ખર્ચ સામાજિક સેવા છે, બંધારણીય અધિકારની પૂર્તિ છે. રાજ્ય સરકારની જવાબદારી છે.

રાષ્ટ્રીય વૈજ્ઞાનિકોના જણાવ્યા મુજબ , કોરોના વાયરસનું સંક્રમણ લાંબો સમય ચાલુ રહેવાનું છે. તેના માર્ગદર્શક સિદ્ધાંતોનો અમલ કરવા માટે એક વર્ગમાં ઓછા વિદ્યાર્થીઓ સમાવવા ફરજિયાત બનશે. આથી અનેક વધુ વર્ગખંડોની જરૂરિયાત ઊભી થવાની છે. તે સંજોગોમાં શાળાઓ મર્જ કરવી કોઈ રીતે વાજબી નથી. ગરીબ બાળકો માટે ઓનલાઇન શિક્ષણ મેળવવાનું શક્ય નથી ત્યારે તેમને વર્ગ ખંડોમાં જ શિક્ષણ આપવું અનિવાર્ય બનવાનું છે.

તાજેતરના વર્તમાનપત્રોના અહેવાલો મુજબ નગરપાલિકા અને કોર્પોરેશન વિસ્તારોમાં સરકારી પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા સતત વધતી રહી છે અને વેઈટિંગ લિસ્ટ ચાલે છે. આવા સ્થળોએ વધુ વર્ગખંડો ખોલીને તેમની જરૂરિયાતો તરત પૂરી કરવામાં આવે.

# હેલ્પ એજ ઈન્ડિયા દ્વારા તૈયાર કરેલ અભ્યાસના અહેવાલનું વિમોચન



ગાંધીનગર, તા. ૨૭

વર્લ્ડ એલ્ડર એબ્યુઝ અવેરનેસ ડે નિમિત્તે હેલ્પ એજ ઈન્ડિયા દ્વારા વડીલો પર થતા અત્યાચારો પર સમાજનું ધ્યાન અને કોરોના વાઈરસને કારણે વડીલો પર પડેલ અસરોનો હેલ્પ એજ ઈન્ડિયા દ્વારા તૈયાર કરેલ અભ્યાસના અહેવાલનું વિમોચન ગુજરાત રાજ્યના પોલીસ વડા આશિષ ભાટીયા દ્વારા કરવામાં આવ્યુ. આ કાર્યક્રમમાં સિનિયર સિટીઝન પ્રતિનિધિના પ્રતિનિધિ અને પી.એલ.વી. જયરામભાઈ સોનીએ હાજરી આપી હતી.

# આજે કમલમ ખાતે ભાજપની પ્રદેશ કારોબારી બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૨૭

ગુજરાતમાં વિધાનસભા ૨૦૨૨ની ચૂંટણીની તૈયારીમાં રાજકીયપક્ષ સક્રિય બન્યા છે. દરમિયાન આગામી સમયમાં વિધાનસભા રણનીતિ-૨૦૨૨ની ચર્ચા કરવા પ્રદેશ ભાજપની કારોબારી બેઠક સોમવારે યોજાશે.

ગુજરાત પ્રદેશ ભાજપ કારોબારીની બેઠક સોમવારે યોજાશે. પ્રદેશ ભાજપ પ્રભારી ભૂપેન્દ્ર યાદવની ઉપસ્થિતિમાં કારોબારી બેઠક યોજાશે. મુખ્યપ્રધાન વિજય રૂપાણી , નાયબમુખ્યપ્રધાન નિતીન પટેલ અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલ સહિત પ્રદેશ કારોબારી સભ્યો બેઠકમાં ઉપસ્થિત રહેશે. કારોબારીમાં દરેક જિલ્લા ભાજપ પ્રમુખને વર્ચ્યુઅલી સામેલ થવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આગામી સમયમાં વિધાનસભા ૨૦૨૨ ચૂંટણીની પૂર્વતૈયારી શરૂ થઈ ગઈ છે.

**સરકાર - સંગઠન સંકલન અને ભાવિ આયોજનની ચર્ચા**

આમ આદમી પાર્ટીએ ત્રીજા મોરચા તરીકે વિધાનસભાની તમામ ૧૮૨ બેઠકો પર ઝૂકાવવા કમર કસી છે. કોંગ્રેસે પણ દિલ્હી થી ગાંધીનગર સુધી હાઈકમાન્ડના સંપર્કથી રણનીતિ ઘડી કાઢી છે. કેન્દ્રની યોજનાનો લાભ પ્રજા સુધી વાસ્તવમાં પહોંચાડવા શું આયોજન થઈ શકે ? એ મુદ્દો કારોબારીમાં ચર્ચાના કેન્દ્રસ્થાને રહેશે. સરકારની વિવિધ પ્રજાલક્ષી યોજનાનો લાભ સામાન્ય વર્ગને પહોંચે તે અંગે ચર્ચા થશે. તો મુખ્યપ્રધાન વિજય રૂપાણીના નેતૃત્વની સરકારે રાજ્યમાં અમલી બનાવેલી વિકાસલક્ષી યોજના પણ પ્રજા સુધી પહોંચાડવાના આયોજનની ચર્ચા થશે.

# મહાત્મા ગાંધી અને સરદાર સ્ટાર કલ્ચરમાં ફીટ : ગાંધીનગર પછી કેવડિયામાં સ્ટાર હોટલ બનશે

## કોર્પોરેટ કર્મયોગી : કેન્દ્રમાં બ્યુરોક્રેસીની ક્ષમતા વધારવા માટે એચઆર કન્સલ્ટન્સી ફર્મ રોકવા નિર્ણય

## કરપ્ટ અને વિઝિલન્સ તપાસ ચાલતી હોય તેવા IAS અને IPS અધિકારીઓની ફાઇલ પર રેડ ટેગ લાગશે

## બાબુઓની કાર્યશક્તિ વધારવા માટે કેન્દ્ર સરકાર એચઆર કન્સલ્ટન્સી એજન્સીનો પ્રયોગ શરૂ કરશે

**ટાઈમ લાઈન** - ગૌતમ પુરોહિત

ગુજરાતના જે મહાનુભાવો આખી જીંદગી જાહોજલાલી અને ઐશ્વર્યથી દૂર રહ્યાં છે તે મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલના વિશ્વખ્યાત બન્ને સ્મારક એવા મહાત્મા મંદિર અને સ્ટેટ્યુ ઓફ યુનિટી પાસે રાજ્ય સરકાર ફાઈવસ્ટાર હોટલનું નિર્માણ કરી રહી છે. જો કે આ બન્ને હોટલમાં નોન-વેજ અને શરાબ પર પ્રતિબંધ મૂકવામાં આવશે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર પાસે આધુનિક રેલવે સ્ટેશન પર ફાઈવસ્ટાર હોટલનું નિર્માણકાર્ય પૂર્ણ થયું છે ત્યારે કેવડિયા સ્થિત સરદાર પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે સરદાર સરોવર નર્મદા નિગમ ડિઝાઈન, બિલ્ડ, ફાયનાન્સ, ઓપરેટ એન્ડ ટ્રાન્સફર એટલે કે ડીબીએફઓટી બેસીઝ પર થ્રી સ્ટાર અને ફોર સ્ટાર હોટલનું નિર્માણ કરી રહ્યું છે. આ બન્ને હોટલ માટે બે થી ત્રણ એકર જમીન એલોટેડ કરી દેવામાં આવી છે. ગુજરાતમાં આ બન્ને સ્થળ એવાં છે કે એક સ્થળે આંતરરાષ્ટ્રીય વાયબ્રન્ટ ઈન્વેસ્ટર્સ સમિટ અને બિઝનેસ કોન્ફરન્સ યોજાય છે જ્યારે બીજા સ્થળે પ્રતિદિન ૧૫ હજાર થી વધુ પ્રવાસીઓ મુલાકાતે આવે છે. ગાંધીનગરની હોટલ લીલા ગ્રુપ બનાવી રહ્યું છે જ્યારે સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસેની હોટલોના નિર્માણ માટે ૮મી જુલાઈએ પ્રિ એપ્લિકેશન કોન્ફરન્સ યોજવામાં આવી છે. ગુજરાતના આ બન્ને સ્થળો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ છે. એક હકીકત એ પણ છે કે અન્ય રાજ્યોની સરખામણીએ ગુજરાતમાં સ્ટાર હોટલનો સંખ્યા નહીંવત છે. રાજ્યમાં પ્રવાસીઓ માટે સ્ટાર હોટલોનું નિર્માણ થાય તે પણ ટુરિસ્ટ ને બુસ્ટઅપ કરવા માટે જરૂરી પગલું છે.

**ભ્રષ્ટ ઓફિસરોની ફાઇલનુ હવે નવી સિસ્ટમથી ટ્રેકીંગ...**

સેન્ટ્રલ વિઝિલન્સ કમિશન (સીવીસી)ના એક આદેશ પ્રમાણે કેન્દ્ર સરકારના મંત્રાલયો, ગુજરાત સહિતના રાજ્યો, કેન્દ્ર શાસિત પ્રદેશોમાં એક નવી સિસ્ટમનો પ્રારંભ કરવામાં આવી રહ્યો છે. સીવીસીના આદેશ પછી કેન્દ્ર સરકારે રાજ્યોના ચીફ સેક્રેટરીને આપેલા નિર્દેશ પ્રમાણે સિવિલ સેવાના કોઇ અધિકારીઓ સામે તપાસ થતી ગોય તો તેમાં ત્વરીત ગતિએ આગળ વધવું પડશે. આ માટે સીવીસીએ કેટલાક નિયમોમાં બદલાવ કર્યો છે. અખિલ ભારતીય સેવાના અધિકારીઓ કે જેમાં આઈએએસ, આઈપીએસ અને બીજી સેવાના અધિકારીઓ શામેલ છે, જે પૈકી કોઇ અધિકારીની તપાસ ફાઈલ એવી રીતે શોધવામાં આવશે કે જેવી ફાઈલ સંસદસત્રમાં લોકસભા તેમજ રાજ્યસભાના સવાલો સબંધિત ફાઈલ આપવામાં આવે છે. બાબુઓ સામેની સીવીસી તપાસ અને દંડથી જોડાયેલી ફાઈલો જ્યારે રાષ્ટ્રપતિભવન અને યુપીએસસી પાસે જશે ત્યારે તેના પર લાલ સ્ટીકર લગાડવાનું રહેશે. આ સાથે ફાઈલના કવર પેજ પર વિઝિલન્સ કેસ લખવાનું રહેશે. ફાઈલ ખોલનારી વ્યક્તિ કે ઓફિસરને તરત જ ખબર પડી જશે કે આ ફાઈલમાં વિઝિલન્સ કમિશનની સલાહ પણ શામેલ છે. આમ કરવાથી આરોપી બાબુઓ પર કાર્યવાહી કરવામાં ઝડપ અને સરળતા આવશે. સામાન્ય રીતે સીવીસીની તપાસવાળી ફાઈલો સુસ્ત રહેતી હોય છે જેનો ફાયદો આરોપી અધિકારીઓ ઉઠાવે છે. પરિણામ સ્વરૂપ આ ફાઈલ રાષ્ટ્રપતિભવન કે યુપીએસસી પાસે જતા પહેલાં ગાયબ થઈ જતી હોય છે. હવે કેન્દ્રના તમામ મંત્રાલયો અને રાજ્ય સરકારના વહીવટી તંત્રમાં રેડ સ્ટીકર લાગેલું હોવાથી આક્ષેપિત અધિકારી સામે તપાસ અને દંડની જોગવાઈમાં ઝડપ અને સરળતા આવી જશે. સીવીસીનો આવો એક પત્ર ગુજરાતના ચીફ સેક્રેટરીને પણ મોકલવામાં આવ્યો છે અને ગુજરાત સરકારના વિભાગોમાં પણ આ પ્રકારના રેડ સ્ટીકર લગાવવાના આદેશ આપવામાં આવ્યા છે.

**સ્ટેટ બ્યુરોક્રેસી પર રાજકીય લોબી હાવી બની રહી છે...**

ભારતના કેટલાક રાજ્યોમાં સ્ટેટ બ્યુરોક્રેસી પર રાજકીય લોબી હાવી બની રહી છે. બિહાર સરકારમાં બાબુ અને ચૂંટાયેલા પ્રતિનિધિના ટકરાવ પછી સરકારે એવો ફતવો બહાર પાડ્યો છે કે સંસદસભ્ય કે ધારાસભ્ય ચેમ્બરમાં દાખલ થાય ત્યારે તે અધિકારીએ તેમના સન્માનમાં ખુરશીમાંથી ઉભા થઈને આવકાર આપવો પડશે. અધિકારીઓ માટે બહાર પાડવામાં આવેલી ગાઈડલાઈન પ્રમાણે પ્રજાના પ્રતિનિધિ માટે વાહન વ્યવસ્થા કરવી પડશે. એટલું જ નહીં, તેમની આગતા-સ્વાગતા માટે અધિકારીએ તૈયાર રહેવું પડશે. આ પ્રતિનિધિ જે ભાષામાં જાણકારી માગે તે ભાષામાં તેમને જાણકારી આપવાની રહેશે. એવી જ રીતે રાજસ્થાન, ઝારખંડ, કર્ણાટક, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર તેમજ ઉત્તરપ્રદેશ જેવા રાજ્યોમાં પ્રજાના પ્રતિનિધિઓ અને બાબુઓ વચ્ચે તકરાર ઉભી થાય છે. ગુજરાતમાં એક સમયે મધ્ય ગુજરાતના ત્રણ ધારાસભ્યોએ બાબુઓ સામે મોરચો ખોલ્યો હતો. બન્ને વચ્ચેનો આ ટકરાવ નિવારવા માટે સરકારના સામાન્ય વહીવટ વિભાગે સંસદસભ્યો અને ધારાસભ્યોના માન-સન્માન માટે વિભાગોના વડાને કડક આદેશો આપવાની ફરજ પડી હતી. રાજનીતિની સાથે વહીવટી તંત્ર પણ બદલાઈ રહ્યું છે. સત્તાધારી પાર્ટીને વહાલા થવાની હોડમાં ગુજરાતની બ્યુરોક્રેસી પણ રાજકીય નેતાઓને નતમસ્તક બની છે. કેટલાક એવા ઓફિસરો છે કે જેઓ સરકારને અનુરૂપ બનીને મનગમતા પોસ્ટીંગ મેળવી રહ્યાં છે. નિષ્પક્ષ અને ખુદ્દારીથી ફરજ બજાવતા ઉચ્ચ અધિકારીઓની સંખ્યા હવે નગણ્ય બની ચૂકી છે, કેમ કે મોટાભાગના ઓફિસરોને રાજ્યના મુખ્યમંત્રી કે કેબિનેટ મંત્રીના ખોફનો ભોગ બનવું પસંદ પડતું નથી. હાલના સંજોગોમાં દેશના ઘણાં રાજ્યોમાં સ્ટેટ બ્યુરોક્રેસી પર રાજકીય લોબી હાવી બની રહી છે, જે ભ્રષ્ટાચારને ઉત્તેજન આપીને જે તે રાજ્યના વહીવટી તંત્રની ઘોર ખોદે તેવી દહેશત છે.

**એવા IAS ઓફિસર જેમના દિલમાં હજી ગુજરાત છે...**

ગુજરાત કેડરના આઈએએસ ઓફિસર ડો. જયંતિ રવિના જીવન અનુભવ આધારિત પુસ્તક સિલ્વર ટ્રી-લાઈફનું વિમોચન ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે કર્યું છે. તેઓ તામિલનાડુમાં છે પરંતુ ગુજરાતને સદાય યાદ કરી રહ્યાં છે. જાણીને નવાઈ લાગશે કે તેમનો પરિવાર સંગીતમય છે. જયંતિ રવિના પુત્ર અદિત રવિ વાંસળીવાદક છે અને તેમના પુત્રી કૃપા રવિ ભરતનાટ્યમ નૃત્યાંગના સાથે સિંગર પણ છે. હાલ તેઓ તામિલનાડુના એરોવિલ ફાઈન્ડેશનના સેક્રેટરી તરીકે ફરજ બજાવી રહ્યાં છે. જયંતિ રવિ એક એવા ઓફિસર છે કે જેમના દિલમાં ગુજરાત વસેલું છે. મૂળ ચેન્નાઈના વતની જયંતિ રવિ ૧૧ ભાષાના જાણકાર છે. તેઓ ગુજરાતી ભજન પણ સહજતાથી ગાઈ શકે છે. તેમણે ગાયેલા આજ મારા મંદિરિયામાં મ્હાલે શ્રીનાથજી... અને શંભુ શરણે પડી... એ ભજન લોકપ્રિય બન્યાં છે. તેમણે સંસ્કૃત સહિત અનેક ભાષામાં ઘણાં પુસ્તકો લખ્યાં છે. જયંતિ રવિના માતા રાજલક્ષ્મી શ્રીનિવાસન પણ સિંગર છે. જયંતિ રવિએ ફિઝીક્સમાં માસ્ટર ડીગ્રી મદ્રાસ યુનિવર્સિટીમાંથી અને પબ્લિક એડમિનિસ્ટ્રેશનમાં માસ્ટરની ડીગ્રી હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી મેળવી છે. લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી તેમણે લીડરશીપ પ્રોગ્રામ કર્યો છે. તેઓ ઈ-ગવર્નન્સમાં પીએચડી થયાં છે. ન્યૂક્લિયર સાયન્ટીસ તરીકે દિલ્હીમાં કામ કરતા હતા ત્યારે અન્ય વિદ્યાર્થીઓને જોઈને તેમણે આઈએએસ માટેની તૈયારી શરૂ કરી હતી. પ્રથમ પ્રયત્ને તેમણે યુપીએસસી ક્લિયર કરી હતી. તેમને ટ્રેકીંગ, હોર્સરાઈડીંગ, સાયકલીંગ, મ્યુઝિક, યોગા, ટિચીંગ અને રાઈટીંગનો શોખ છે. જયંતિ રવિ માને છે કે સાચું શિક્ષણ શબ્દને વાંચવાથી નહીં સંસારને વાંચવાથી પ્રાપ્ત થાય છે. તેઓ ગુજરાતથી દૂર છે પરંતુ તેમના દિલમાં હજી પણ ગુજરાત વસે છે. બદલી થયા પછી તેમણે આરોગ્ય વિભાગના કર્મચારીઓ માટે ગુજરાતીમાં લખેલા ચાર પાનાના પત્રમાં તેમનો ગુજરાત પ્રત્યેનો પ્રેમ દેખાઈ આવે છે.

**બાબુઓની કાર્યશક્તિ વધારવા માટે કન્સલ્ટન્સી કંપની...**

કેન્દ્ર સરકારના વિભાગોમાં ફરજ બજાવતા આઈએએસ ઓફિસરોની કામ કરવાની ક્ષમતા વધારવા માટે સરકારે એચઆર કન્સલ્ટન્સી સંસ્થાને રોકવાનો નિર્ણય લીધો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાત પછી દિલ્હીમાં મિશન કર્મયોગી અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આ અભિયાનના ભાગરૂપે પ્રથમ સાત જેટલા વિભાગો જેવાં કે નાણાં, આઈટી, ગ્રામીણ વિકાસ, ડીઓપીટી, આરોગ્ય, વન-પર્યાવરણ અને નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયામાં કન્સલ્ટન્સી સંસ્થા આઈએએસ ઓફિસરોને ટ્રેનીંગ આપશે અને તેમની કામ કરવાની શક્તિમાં વધારો કરવાના પ્રયાસ કરશે. આ સંસ્થા કેન્દ્ર માટે ફ્રેમવર્ક ઓફ રોલ્સ એક્ટિવિટીઝ એન્ડ કેપેસિટીઝ વિકસિત કરશે જે ભવિષ્યમાં સિવિલ સેવાઓને ઉચિત દિશા આપશે. સરકારનો દાવો છે કે ભારતમાં કેટલાક પડકારો સાથે નવી ડિજીટલ અને આઈટી કાર્યબળ માટે નવો ઢાંચો તૈયાર કરવાની જરૂર છે તેથી તેની પૂર્તતા કરવા માટે એચઆર કન્સલ્ટન્સી રોકવામાં આવી રહી છે. અત્યારે માત્ર સાત મંત્રાલયમાં શરૂ કરવામાં આવનાર પ્રયોગ કેન્દ્રના તમામ મંત્રાલયમાં તેમજ રાજ્યોની બ્યુરોક્રેસીમાં શરૂ થાય તો નવાઈ પામવા જેવું નથી. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે રાજ્ય સરકારમાં મિશન કર્મયોગી અભિયાન શરૂ કર્યું હતું, જેના ભાગરૂપે સરકારમાં ચિંતન બેઠકો અને નિષ્ણાંતોના સેમિનાર થતાં હતા જેમાં બાબુઓને શિક્ષણ આપવામાં આવતું હતું. હવે કેન્દ્ર સરકારમાં આવા પ્રયોગ શરૂ કરવામાં આવ્યા છે, જો કે આ કાર્યક્રમો માટે ગુજરાતના નિવૃત્ત સનદી અધિકારી હસમુખ અઢિયાને કામ સોંપવામાં આવ્યું નથી પરંતુ ખાનગી કન્સલ્ટન્સી રોકવામાં આવનાર છે.

**આઇએએસનું કામ આઇપીએસ ઓફિસર પણ કરી શકે...**

શું એક આઈએએસ અધિકારીનું કામ આઈપીએસ કરી શકે છે તેવા સવાલનો જવાબ હરિયાણામાં હા છે. હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટરે એક પ્રયોગ એવો કર્યો છે કે તેમણે આઈએએસ કેડરના પદ પર આઈપીએસની નિયુક્તિ કરી છે. એક આઈપીએસ અધિકારી અમિતાભ ધિલ્લોનને હરિયાણા પરિવહન આયુક્તના પદે નિયુક્ત કર્યા છે. આ પહેલાં સરકારે પરિવહન વિભાગના અગ્રસચિવ તરીકે આઈપીએસ શત્રુજીત કપૂરને નિયુક્ત કર્યા હતા. ગુજરાતમાં પણ આવું શક્ય છે, માત્ર પોલિટીકલ વ્હિલપાવર જરૂરી છે. નરેન્દ્ર મોદીએ ભૂતકાળમાં ભારતીય વન સેવા એટલે કે આઈએફએસ કેડરના ઓફિસરોને સરકારના વિભાગો અને બોર્ડ-નિગમમાં નિયુક્ત કર્યાના દાખલા છે. આ કેડરના ઓફિસર એનએસ યાદવને ગુજરાત સરકારે વોટરશેડ મેનેજમેન્ટ એજન્સીમાં નિયુક્ત કર્યાનો દાખલો મોજૂદ છે. સરકારની વીજ કંપનીઓમાં પણ આઈએફએસ ઓફિસરોને નિમણૂક આપવામાં આવેલી છે. એવી જ રીતે એક સમયે ટુરિઝમ કોર્પોરેશનમાં આઈએફએસ અધિકારીની મેનેજીંગ ડિરેક્ટર પદે નિયુક્તિ કરવામાં આવી હતી. બીજા એક આઈએફએસ ઓફિસર સંજીવ ત્યાગીને ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડમાં મૂકવામાં આવ્યા હતા.

**ગુજરાતના પોલીસ વિભાગમાં મોટા ફેરબદલના સંકેત...**

ગુજરાત સરકારના સચિવાલય તેમજ જિલ્લાના વહીવટી તંત્રમાં ધરખમ ફેરફારો પછી હવે પોલીસ વિભાગમાં મોટાપાયે ફેરબદલના સંકેત પ્રાપ્ત થયાં છે. બદલીઓના આ ત્રીજા રાઉન્ડમાં મહાનગરોના પોલીસ કમિશનર, પોલીસ ભવનના ઉચ્ચ અધિકારીઓ, વિવિધ સેલના ઉચ્ચ પોલીસ અધિકારીઓ તેમજ જિલ્લા પોલીસના વડાઓની સામૂહિક બદલીઓ થવાની સંભાવના છે. રાજ્યના ગૃહ વિભાગમાં કોન્સ્ટેબલ થી પીએસઆઈ, પીઆઈ થી ડીવાયએસપી અને ઉચ્ચ પોલીસ અધિકારીઓની બદલી માટેની યાદી તૈયાર થઈ રહી છે. ગુજરાત સરકારે પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓની બદલીની તૈયાર કરેલી યાદીમાં કેન્દ્રીય ગૃહમંત્રીનું માર્ગદર્શન લેવામાં આવ્યું છે અને હવે જૂનના અંત સુધીમાં કે જુલાઈમાં પોલીસ વિભાગમાં ફેરફારો આવી રહ્યાં છે. કોન્સ્ટેબલ થી પીઆઈ સુધીની ૫૦૦થી વધારે બદલીઓ થવાની છે જ્યારે ઉચ્ચ પોલીસ અધિકારીઓમાં ૭૦થી વધુ બદલીઓ તોળાઈ રહી છે. આ બદલીઓમાં સુરત, રાજકોટ, અમદાવાદ, વડોદરા, જામનગર અને ભાવનગરના પોલીસ કમિશનરનો પણ સમાવેશ થાય છે. રાજ્યના ૩૩ જિલ્લાના પોલીસ વડાની પણ બદલીની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બદલીની યાદીમાં ગૃહ વિભાગના અધિક મુખ્યસચિવ પંકજકુમારની સલાહ અને માર્ગદર્શન લેવામાં આવ્યા છે. સૂત્રો કહે છે કે ગુજરાતમાં રથયાત્રા યોજાશે કે નહીં તેનો નિર્ણય હજી સુધી લેવાયો નથી પરંતુ અષાઢી બીજ પછી પોલીસ વિભાગમાં આ ફેબદલ નિશ્ચિત બન્યો છે.